©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] TUESDAY, 12th AUGUST, 2025/SRAVANA 21, 1947 [No. 5037

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

જુનાગઢ શહેરી વિકાસ સતામંડળ

પંકજ બંગલો, પ્રથમ માળ, સોરઠ ભવન સામે, રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧.

અધિસુચના

નં. જુડા/મુ.ન.ર.યો. નં. ૭ (ઝાંઝરડા)૪૨(૧)/પ્રસિધ્ધી/૨૦૨૫/૧૪૮૫.-આથી લાગતા-વળગતા તથા હીત સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળે તા. ૦૭-૦૧-૨૦૨૫ ની ૩૭મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક-૨૨૪ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭(ઝાંઝરડા)ને બનાવવા માટેનો ઈરાદો જાહેર કરેલ. સદરહું ઈરાદાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં તા. ૧૬-૦૧-૨૦૨૫ના પાના નં. ૦૧ તથા ૦૨ ઉપર તથા દૈનિક વર્તમાનપત્ર ''દિવ્ય ભાસ્કર'' માં તા. ૧૪-૦૧-૨૦૨૫ ના રોજ અને દૈનિક વર્તમાનપત્ર ''સૌરાષ્ટ્રભૂમિ'' માં તા. ૧૫-૦૧-૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭(ઝાંઝરડા) બનાવવાનો ઈરાદો તા. ૦૭-૦૧-૨૦૨૫ના રોજ જાહેર કરેલ. જેના અનુસંધાને સત્તામંડળ ધ્વારા સદરહું યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ નં. ૧૭ મુજબ સંબંધકર્તા અને હિતસંબંધ ધરાવનાર વ્યકિતઓને વ્યકિતગત તથા જાહેર નોટીસ આપી તેઓની સાથે ''શ્રી માલદેવ રાણા કેશવાલા મહેર સમાજ વાડી, જુનાગઢ-વંથલી હાઈવે, આંજનેય પેટ્રોલ પંપ સામે, જુનાગઢ'' મુકામે તા. ૧૮-૦૭-૨૦૨૫ના રોજ યોજનાની સમજ આપવા તથા વાંધા સુચનો મેળવવા માટે ઓનર્સ મીટીંગનું આયોજન કરવામાં આવેલ. તેમજ તા. ૨૪-૦૭-૨૦૨૫ના રોજ ધોરાજીયા પટેલ સમાજ, ઝાંઝરડા ગામ ખાતે ''સમજુતી બેઠક''નું આયોજન કરવામાં આવેલ. તેમજ સદર ઓનર્સ મીટીંગ/સમજુતી મીટીંગમાં સમજાવવામાં આવેલ કામચલાઉ દરખાસ્તોના અનુસંધાને આવેલ સુચનો/વાંધાઓ ધ્યાને લઈ સદરહું યોજનાની મુસદ્દારૂપ દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ છે.

જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા)ધ્વારા ઉકત કાયદાની કલમ-૪૨(૧) મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭(ઝાંઝરડા)ની દરખાસ્તોથી અસર પામતા/હીત સબંધ ધરાવતી વ્યક્તિઓના વાંધા-સુચનો મેળવવા માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) યોજનાનો વિસ્તાર હદ તથા રેવન્યુ સર્વે નંબરો / બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં.૧)

(૨) મુળખંડોની હદો, નંબરો તથા રેવન્યુ સર્વે નંબરો / બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો (નકશા નં.૨)

(૩) મુળખંડ તેમજ અંતિમખંડની હદ તથા રસ્તાઓ દર્શાવતો નકશો (નકશા નં. ૩)

(૪) અંતિમખંડની હદ, રસ્તાઓ તથા સત્તામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડોની હદો દર્શાવતો નકશો (નકશા નં. ૪)

(૫) યોજનામાં સુચવેલ સવલતો દર્શાવતો નકશો (નકશા નં. ૪/અ)

(૬) મુલ્યાંકન અન્વયે ધ્યાને લીધેલ વેંચાણ દર્શાવતો નકશો (નકશા નં. ૫)

(૭) યોજનાનો ટુંકો ઈતિહાસ અને ટુંકનોંધ

(૮) ફોર્મ-એફ [(પુનઃવહેંચણી તથા મુલ્યાંકન પત્રક(નિયમ નં. ૨૧અને ૩૫)]

(૯) યોજનાની નાણાંકિય જોગવાઈઓ દર્શાવતું પત્રક (''જી'' ફોર્મ)

(૧૦) યોજનાઓના સુચિત કામોના અંદાજપત્રક

(૧૧) મુળખંડ તેમજ અંતિમખંડની વિકસીત તથા અવિકસીત કિંમતના અંદાજના દર દર્શાવતું પત્રક

(૧૨) વેચાણ દર્શાવતું પત્રક

(૧૩) મુળખંડને અંતિમખંડ ફાળવતા કરવામાં આવેલ જમીનની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક

(૧૪) બાંધકામ નિયંત્રણ અંગેના નિયમો

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯, નિયમ નં. ૧૮(૨) અન્વયે ઉપરોકત અધિસુચન સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનાની અંદર સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામતી/પામેલ કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં લેખિત વાંધા અથવા સુચનો જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ(જુડા), ''પંકજ બંગલો'', પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીના પ્રથમ માળે, સોરઠ ભવન સામે, રેલવે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧ ની કચેરીમાં લખી જણાવશે તો તે લેખિત વાંધા/સુચનો જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ, સદરહુ યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૮ હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવતાના ધોરણે વિચારણામાં લેશે. તેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક : નં. જુડા/મુ.ન.ર.યો. નં. ૭(ઝાંઝરડા)/પ્રસિધ્ધ-૪૨(૧)/૨૦૨૫/૧૪૮૫
તારીખ : ૦૮-૦૮-૨૦૨૫

સહિ/- અવાચ્ય
મુખ્ય કારોબારી અધિકારી
જુનાગઢ શહેરી વિકાસ સતામંડળ
જુનાગઢ

સરનામું : જુનાગઢ શહેરી વિકાસ સત્તામંડળ, ''પંકજ બંગલો'',
પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીના પ્રથમ માળે,
સોરઠ ભવન સામે, રેલવે સ્ટેશન રોડ, જુનાગઢ-૩૬૨૦૦૧

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.13 09:09:50 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot